બેંકમાંથી કાઢી મુક્યા બાદ દુકાન ખોલી

ઉના શહેરમાં નકલી આધાર કાર્ડના મહા કોભાંડનો પર્દાફાશ, પોલીસે ત્રણની ધરપકડ કરી

બે વર્ષમાં ૧૨૦૦ આધારકાર્ડ બનાવ્યાં, ૧૭ લાખનું ટ્રાન્જેક્શન કર્યું

અમદાવાદ,

ઉના શહેરના બસ સ્ટેશન સામેના વિસ્તારમાં દરબારી આધાર નામની દુકાનની અંદર કોઈપણ આધાર કે પૂરાવા વગર ડુપ્લિકેટ આધાર કાર્ડ કાઢવાનું કોભાંડ છેલ્લા બે વર્ષથી ચાલતું હતું. આખરે ગીર સોમનાથ એલસીબી પોલીસને તેની ભનક લાગ્યાની સાથે દરબારી આધાર નામની દુકાનમાં દરોડો પાડ્યો હતો. આધાર કાર્ડનું કોભાંડ આચરનારની દુકાન અને ઘર પર પોલીસે તપાસ હાથ ધરી હતી પોલીસે આ સમગ્ર મામલે ઉનામાં રહેતાં અસલમ ઇસ્માઇલ શેખ, શબ્બીર શરીફ સુમરા તેમજ જાવેદ ઉર્ફે ભૂરો ઇબ્રાહિમની ધરપકડ કરી ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ બાબતે ગીર સોમનાથ જિલ્લા એસ પી મનોહરસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે, ઉના શહેરમાં દરબારી આધાર નામની દુકાન છે. જેના સંચાલક મુખ્ય આરોપી અસલમ શેખ છે. તે લાંબા સમયથી આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, જનમ-મરણ પ્રમાણપત્ર, સબ રજીસ્ટારના સિક્કો તેમજ ડેમો રજીસ્ટર સહિતના જુદા જુદા દાખલાઓ અને કાર્ડ તે એડિટ કરી બનાવતો હતો પોલીસે તેમની દુકાન અને ઘર પરથી એકજ નંબરના બે આધાર કાર્ડ, ગ્રાહકોની માહિતી, કોમ્પ્યુટર સેટ, લેમીનેશન મશીન, લેપટોપ, કલર પ્રિન્ટ, મા કાર્ડ, કટર મશીન સહિત મુદ્દામાલ કબજે કર્યો હતો. એસપીના વધુ જણાવ્યાં મુજબ, આરોપીએ છેલ્લા બે વર્ષમાં ૧૨૦૦ આધારકાર્ડ બનાવ્યા છે. જેમાં ૪૦ ડુપ્લિકેટ આધારકાર્ડ પુરવા વગર કાઢી આપ્યા હોય તેવા મળી આવ્યાં છે. રૂ.૧૭ લાખનું ટ્રાન્જેક્શન પણ કરવામાં આવ્યું હોવાનુ સામે આવ્યું છે.

પોલીસે હાલ ત્રણની ધરપકડ કરી છે. આ શખસો અન્ય રાજ્યોમાં પણ કોન્ટેક્ટમાં હતા. હાલ તમામ આરોપી રિમાન્ડ પર છે અને મોટા ખુલાસા પૂછપરછમાં થઇ શકે છે. એક આધાર કાર્ડ કાઢવા રૂ.૧૨૦૦થી લઇને રૂ.૨૫,૦૦૦ લેવામાં આવતા હતા. આ સમગ્ર મામલો નેશનલ સિક્યુરિટી સાથે જોડાયેલો હોવાનુ જિલ્લા એસ પી મનહસિંહ જાડેજાએ એ જાગાવ્યું હતું.

અમદાવાદ ખાતે ડૉ. કિરીટભાઈ સોલંકીનું તામ્રપત્ર એનાયત કરી જાહેર અભિવાદન કરાયું

અમદાવાદ,

ડો. બાબા સાહેબ આંબેડકર દ્વારા ૮ મી જુલાઇ ૧૯૪૫ માં સ્થાપિત પીપલ્સ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત સિદ્ધાર્થ કૉલેજના 'આનંદ ભવન', 'બુદ્ધ ભવન' બિલ્ડીગના રિનોવેશન માટે તથા ડો. આંબેડકરનાં ૧.૨૫ લાખ પુસ્તકોનું ડિજિટલાઇઝેશન તથા મુંબઈમાં તેમના ૩૫૦ મીટર ઊંચા સ્ટેચ્યૂનું નિર્માણ થઈ રહ્યું છે. આ માટે સાંસદ ડો. કિરીટભાઈ સોલંકીએ યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કરોડો રૂપિયાની ગ્રાન્ટ અનુસૂચિત જાતિ અને જનજાતિ સંસદીય કલ્યાણ સમિતિના અધ્યક્ષ સ્થાનેથી મંજૂર કરાવી છે, જેને પગલે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, મુંબઈના ચેરમેન અને ડો. બાબા સાહેબ આંબેડકરના પૌત્ર આનંદરાજ આંબેડકરની અધ્યક્ષતામાં સાંસદ ડૉ કિરીટભાઈ સોલંકીનો જાહેર અભિવાદન સમારોહ ચાંદખેડા ખાતે યોજાયો હતો.

પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સ્થાપિત સિદ્ધાર્થ કોલેજ સહિત "બુદ્ધ ભવન" અને "આનંદ ભવન" હેરિટેજ બિલ્ડિંગના રીનોવેશન તથા ડૉ બાબાસાહેબ આંબેડકરના દ્વારા લખાયેલી નોંધો, લાંબા લખાણો, નોંધો - ટિપ્પણીઓ, બંધારણ ઘડતી વખતે સંદર્ભ માટે ઉપયોગમાં લેવાતા અન્ય દેશોના બંધારણો અને લગભગ ૧ લાખ કરતાં પણ વધુ પુસ્તકોનો સમાવેશ થાય છે. આ તમામનું ડિજિટીલાઈઝેશન તથા મુંબઈ દરિયાકિનારે ડૉ બાબાસાહેબ આંબેડકરના તૈયાર કરવામાં આવી રહેલા ૩૫૦ મીટર ઊંચા સ્ટેચ્યુની સામે સ્મારક તૈયાર થઈ રહ્યું છે તેના વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સંસદીય કલ્યાણ સમિતિના અધ્યક્ષ દ્વારા ડૉ કિરીટ ભાઈ સોલંકી દ્વારા મજૂર થવા પામેલ છે.

આ તમામ મુદ્દાઓ સાથે ડૉ કિરીટભાઇ સોલંકીએ મહારાષ્ટ્ર સરકાર સાથે પરામર્શ કર્યા બાદ જરુરી ગ્રાન્ટ આપવા સરકાર સહમત થયેલ છે.

ડૉ કિરીટ ભાઈ સોલંકી દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવતા ડૉ બાબાસાહેબ આંબેડકર ના પૌત્ર આનંદરાજ આંબેડકર ના અધ્યક્ષ સ્થાને તેમનો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો.

અમદાવાદ- ચાંદખેડા ખાતે યોજાયેલ અભિવાદન સમારોહ માં ડૉ બાબાસાહેબ આંબેડકર ના પૌત્ર અને પિપલ્સ એજ્યુકેશન સોસાયટી ના ચેરમેન આનંદરાજ આંબેડકર એ પિપલ્સ એજ્યુકેશન સોસાયટી ને કરોડો રૂપિયા ગ્રાન્ટ મંજૂર કરાવવા બદલ તામ્રપત્ર આપીને ડૉ કિરીટભાઈ સોલંકીનો આભાર માન્યો હતો. પાટણ જિલ્લાના સમી ગામના વતની ભીખાભાઈ મોતીભાઈ પરમાર બે હેક્ટર જમીન તેમજ ચાણસ્માના વતની તરુણ ચંદ્ર સોલંકી એક વીઘા જમીન પીપલ્સ એજ્યુકેશન સોસાયટી દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર એજ્યુકેશન ભવન બનાવવા માટે આજના દિવસે પીપલ્સ એજ્યુકેશન સોસાયટીના ચેરમેન આનંદરાજ યશવંતરાજ આંબેડકરને દાન અર્પણ કરી હતી.

આ ઉપરાંત જુદા જુદા સામાજિક સંગઠનનો દ્વારા તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પીપલ્સ એજ્યુકેશન સોસાયટી મેનેજમેન્ટના ત્રણ સભ્યોએ પણ હાજરી આપી હતી.

પાલનપુર તાલુકાના બાદરપુરા (કા) ગ્રામ પંચાયત ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા "અંતર્ગત લોકોએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો જીવંત કાર્યક્રમ નિહાળ્યો

અમદાવાદ,

બનાસકાંઠા જિલ્લામાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત ગામેગામ રથનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. તેમજ લોકો ઉત્સાહ સાથે જોડાઈને સરકારની વિવિધ યોજનાથી માહિતગાર બની રહ્યા છે. ગામેગામ મોદીની ગેરંટી વાળી ગાડી તરીકે લોકપ્રિય આ રથનું અનેરું આકર્ષણ જોવા મળી રહ્યું છે. લોકો પોતાના ગામમાં આ રથ ક્યારે આવે એની રાહ જોતા હોય છે. એમાંય ખાસ કરીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સમયાંતરે લાભાર્થીઓ અને નાગરિકો સાથે આ યાત્રા અન્વયે સીધો સંવાદ કરી રહ્યા છે. જેથી બનાસકાંઠા જિલ્લામાં ખૂણે ખૂણે આ યાત્રાને અદભુત પ્રતિસાદ મળી રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આજે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત લાભાર્થીઓ સાથે ઓનલાઈન માધ્યમથી લોક સંવાદ કર્યો હતો. જેનું ગામેગામ લોકોએ રથ દ્વારા જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. પાલનપુર તાલુકાના બાદર પુરા (કા) ગામમાં આજે વિકસિત ભારત સંકલ્પ રથ આવી પહોંચ્યો હતો. જ્યાં લાભાર્થીઓ સહિત ઉપસ્થિત ગ્રામજનોએ પ્રધાનમંત્રીશ્રીનું લાઈવ સંબોધન સાંભળ્યું હતું. તેમજ વંચિત લાભાર્થીઓએ યોજનાનો લાભ લેવા માટે મન બનાવ્યું હતું. રથ અંતર્ગત આરોગ્ય ચકાસણી કેમ્પ, ટીબી સ્ક્રીનિગ, સિકલસેલ એનિમિયાનું સ્ક્રીનિંગ સહિત વિવિધ સ્ટોલ મારફતે લાભાર્થીઓને યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી.

રાધનપુરના કલ્યાણપુરા પાટિયા નજીક સર્જાયો ગમખ્વાર અકસ્માત: કારનો પાછળનો ભાગ કચ્ચરઘાણ

અમદાવાદ, પાટણ જિલ્લામાં અવર નવાર અકસ્માત ની ઘટનાઓ સામે આવી રહી છે ત્યારે ફરી વધુ એક ઘટના સામે આવી છે.જે પાટણ જિલ્લાના રાધનપુર ખાતે નેશનલ પર આ અકસ્માત નો બનાવ બનવા પામ્યો હતો. રાધનપુર નાં કલ્યાણપુરા પાટિયા નજીક ટ્રેલર અને કાર નો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વારાહી થી રાધનપુર તરફ આવી રહેલ ગાડી ની પાછળ ટ્રેલર ઘૂસી જતાં ગમખવાર અકસ્માત સર્જાયો હતો.જે ઘટના માં હાઇવે પર જઈ રહેલ કાર ની પાછળ આવી રહેલ ટ્રેલર ની ટક્કર વાગતા કાર ડીવાઈડર ઉપર ચડી ગઈ હતી.અને કાર નો પાછળનો ભાગ કુચ્ચણઘાણ થઈ જવા પામ્યો હતો. મળતી માહિતી મુજબ કારમાં સવાર લોકો બનાસકાંઠા જિલ્લાનાં હોવાનું વિગત જાણવા મળી હતી.અને બનેલ અકસ્માત ની ઘટનામાં ઘાયલ લોકોને ૧૦૮ મારફતે સારવાર અર્થે રાધનપુર ની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાયા હોવાની વિગત જાણવા મળી હતી. અકસ્માત માં કાર સવાર લોકો ઘાયલ થતાં સારવાર અર્થે રાધનપુર ની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.અને કાર નંબર GJ 08 DD 3634 ની કાર બનાસકાંઠા જિલ્લાની હોવાની વિગત સામે આવી છે.જે કાર અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને અકસ્માત માં કારનો પાછળનો ભાગ કુચ્ચાંણઘણ થઈ જવા પામ્યો હતો. મળતી માહિતી પ્રમાણે ગાડી માં સવાર ઠક્કર પરીવાર બનાસકાંઠા જિલ્લાના હોવાની વિગત સામે આવી હતી અને ઘાયલ લોકોને રાધનપુર ની ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હોવાની વિગત જાણવા મળી છે.વધુમાં જોઈએ તો મળતી માહિતી મુજબ વારાહી થી રાધનપુર રોડ પર આવી રહેલ કાર ની પાછળ આવી રહેલ ટ્રેલર નો કાર સાથે ધડાકાભેર ટક્કર વાગતાં આજુબાજુના લોકો નાં ટોળેટોળા ઉમટી પડયા હતા અને ૧૦૮ મારફતે લોકોને સારવાર અર્થે ખસેડાયા હતા. રાધનપુરના કલ્યાણપુરા ગામ ના પાટિયા નજીક આ બનાવ બનવા પામ્યો હતો.

ભરૂચ સિવિલમાં ૪ મહિનાથી પ્રધાનમંત્રી પંડિત દીનદયાળ જનઔષધી સ્ટોર બંધ, હજારો દર્દીઓને હાલાકી

ટ્રોમા સેન્ટરના વિસ્તરણ માટે જેનરીક દવાની દુકાન બંધ કરી પાછળ જગ્યા આપી હોવાનો ખાનગી સંચાલકોનો મત

અમદાવાદ,

ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ૭ વર્ષ પેહલા દર્દીઓને સસ્તી દવાઓ મળી રહે તે માટે શરૂ કરાયેલ પ્રધાનમંત્રી પંડિત દીનદયાળ જનઔષધિ સ્ટોર છેલ્લા ૪ મહિનાથી બંધ હોય દર્દીઓને હાલાકી પડી રહી છે. ભરૂચ સિવિલ હોસ્પિટલમાં શરૂ થયેલ જિલ્લાનો પહેલો જન ઔષધિ સ્ટોર છેલ્લા ૪ મહિનાથી બંધ કરી દેવાયો છે. તત્કાલીન મંત્રી અને હાલના અંકલેશ્વરના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલના હસ્તે આ જેનરીક દવાના સ્ટોરનો શુભારંભ કરાયો હતો. જોકે બાદમાં સિવિલ હોસ્પિટલનો કારભાર ખાનગી સંસ્થાને સુપરત કરાયો હતો. જે બાદ આ સ્ટોર બંધ થઈ જતા તપાસમાં ટ્રોમાં સેન્ટર નાનું પડતું હોય તેના વિકાસ માટે જેનરીક સ્ટોર બંધ કરાયો હોવાનું બહાર આવ્યું હતું. દીનદયાળ સ્ટોર આગળથી બંધ કરી પાછળ જગ્યા ફળવાઈ હોવાનું સંચાલકોએ જણાવ્યું હતું. સાથે જ હવે તેઓ સારામાં સારી દવાઓ મફતમાં આપતા હોય સસ્તી મળતી જેનરીક દવાની પણ જરૂર નહીં હોવાની સફાઈ વ્યક્ત કરી હતી. બીજી તરફ સિવિલ હોસ્પિટલમાં રોજ સારવાર માટે આવતા દર્દીઓ, ગરીબો, સીનિયર સીટીઝન, પેંશનર્સ અને સરકારી નિવૃત તેમજ પ્રવૃત કર્મચારીઓની પણ હાલાકીનો પાર રહ્યો ન હતો. સિવિલનો સ્ટોર બંધ થતાં તેઓને સસ્તી દવાઓ સાથે અન્ય મેડિકલ ચીજ વસ્તુઓ માટે બીજે ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

જે અંગે સિવિલ સત્તાધીશો અને તંત્રને પણ રજુઆત કરાઈ હતી. ભરૂચ CDMO આર.બી. શાહનો આ અંગે સંપર્ક કરતા તેઓ સાથે નહિ થતા આ અંગે તેઓનું નિવેદન જાણી શકાયું ન હતું. જોકે સિવિલના સુત્રોમાંથી જ માહિતી મળી હતી કે ટૂંક સમયમાં ફરી જેનરીક દવાઓનો સ્ટોર ફરીથી હોસ્પિટલમાં કાર્યરત થઈ જશે. હવે ક્યાં કારણોસર ૪ મહિનાથી પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર બંધ હતો તે તો સિવિલ સત્તાધીશો સત્તાવાર જવાબ આપે તો જ બહાર આવી શકશે.

સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષ સ્થાને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, શહેરના ધન્વંતરિ ઓડિટોરિયમ ખાતે સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષ સ્થાને પી.એમ. સ્વનિધિ યોજના હેઠળના શહેરી શેરી ફેરિયાઓ તથા તેમના પરિવારજનોના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન જામનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં પી.એમ. સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે કોઈપણ યોજના સાચા અર્થમાં ત્યારે જ સાર્થક થાય છે જ્યારે સાચા વ્યક્તિને તેનો લાભ મળે છે.તેથી જ સમાજના દરેક વર્ગના લોકોને સીધો ફાયદો કરે એ પ્રકારની અનેક યોજનાઓ વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ અમલમાં મુકવામાં આવી છે.ભૂતકાળમાં લોન તો દુરની વાત પરંતુ લોકો બેંકમાં જવાનું પણ વિચારી ન શકતા ત્યારે આજે નાનામાં નાના માણસને પણ નરેન્દ્રભાઈ મોદીના સુદીર્ઘ આયોજનને કારણે સરળ રીતે લોન સાહિતના લાભો મેળવવા સરળ અને સુગમ બન્યા છે.સરકાર પોતે જ આજે નાના માણસની ગેરંટર બની છે અને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર તમામ વર્ગને અનેકવિધ લાભો પહોંચાડી "સૌનો સાથ સૌનો વિકાસ" મંત્રને ચરિતાર્થ કરી રહી છે.

ધારાસભ્ય રિવાબા જાડેજાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સરકાર ગરીબોની સેવા, શ્રમિકોનું સન્માન અને વંચીતોને માન આપવાના મંત્ર સાથે આગળ વધી રહી છે.અને તેથી જ છેવાડાના માનવીને આવરી લેતી અનેક યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે.સામાન્ય માનવીના ઉત્થાન થકી ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત દેશ બનાવવા સુધીની સફર પૂર્ણ કરવાની નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ છે.

આ પ્રસંગે પી.એમ.સ્વનિધિ યોજનાના લાભાર્થીઓએ ઉત્સાહભેર પોતાના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે કોરોનાના કપરા સમયમાં અમારા ધંધા બંદ થયા હતા.ત્યારે આ યોજનાના માધ્યમથી અમને સરળ રીતે લોન ઉપલબ્ધ થતા અમે ફરી પગભર બની શક્યા અને અમારા ધંધા રોજગાર ફરી આગળ વધી શક્યા.જેનાથી અમારા પરિવારને ખૂબ જ રાહત મળી અને અનેક પ્રકારની હાડમારીમાંથી અમે બચી શક્યા. કાર્યક્રમ અંતર્ગત વિવિધ બેંકના પ્રતિનિધીઓ તથા યોજનાના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયાં હતા.તેમજ ઉપસ્થિત સૌ કોઈએ વડાપ્રધાનનો વીડિયો સંદેશો નિહાળ્યો હતો.મેયર વિનોદભાઈ ખીમસૂર્યાએ સૌ મહાનુભાવોને સ્વાગત પ્રવચન વડે આવકાર્યા હતા જ્યારે કાર્યક્રમની આભારવિધિ આસિસ્ટન્ટ કમિશનર કોમલબેને કરી હતી.આ પ્રસંગે મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તથા રિવાબા જાડેજા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, શાશક પક્ષના નેતા આશિષભાઈ જોશી, દંડક કેતનભાઈ નાખવા, શહેરી ગરીબ કલ્યાણ સમિતિના ચેરમેન ગીતાબા જાડેજા, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, નાયબ કમિશનર ગોહિલ, શહેર ભાજપ પ્રમુખ વિમલભાઈ કગથરા, કોર્પોરેટરો તથા બહોળી સંખ્યામાં શેરી ફેરિયાઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષાના હોદ્દેદારોની મીટીંગ ગાંધીનગર ખાતે મળી

અમદાવાદ,

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા ના હોદ્દેદારો ઉપપ્રમુખ શ્રીઓ, પ્રભારીશ્રી અને કન્વીનરો ની એક મીટીંગ ગાંધીનગર ખાતે મહામંત્રી શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી ની ઓફિસમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ ૧,છ-૩૦૭/૩૧૧ કુડાસણ ગાંધીનગર ખાતે પ્રમુખશ્રી ભરતભાઈ રાવલ ના અધ્યક્ષ સ્થાને મળી જેમાં છઠ્ઠી જાન્યુઆરીએ સાણંદ ખાતે યોજાનાર કથાકારોના સન્માન સમારંભને સફળ બનાવવા માટે વિવિધ કમિટીઓ રચી અને હોદ્દેદારોને જવાબદારી આપવામાં આવી. આ ઉપરાંત આપણા પવિત્ર પુસ્તક ભગવદ ગીતા ને રાષ્ટ્રીય ગ્રંથ જાહેર કરવા માટે તારીખ ૮ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ પ્રત્યેક જિલ્લામાં કલેકટરશ્રીને માન. વડાપ્રધાનશ્રીને સંબોધીને આવેદનપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ કાર્યક્રમનીજવાબદારી ગુજરાત પ્રદેશ રાજ્યકક્ષાના સાહિત્ય સાંસ્કૃતિક અને રમતગમત વિભાગ ના કન્વીનર શ્રી કૃણાલભાઈ દિક્ષિતને સોંપવામાં આવી.

રાત્રીના સમયે મળી આવેલ અસ્વસ્થ વૃદ્ધાનું પરિવાર સાથે મિલન કરાવતું સખી વન સ્ટોપ સેન્ટર જામનગર

અમદાવાદ, એક શારીરિક તથા માનસિક અસ્વસ્થ મહિલા જામનગરના પવનચક્કી રોડ પર રાત્રીના સમયે એકલા બેઠા હોય જે બાબતની જાણ એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને કરેલ.જેથી સ્થળ પર પહોંચી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈને મહિલાની સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખી તેઓને જામનગર "સખી" વન સ્ટોપ સેન્ટર પર લઈ આવવામાં આવેલ અને જણાવેલ કે આ મહિલા ભૂલા પડી ગયેલ છે તેમજ અન્ય કોઈ પ્રતિસાદ આપી શકતા નથી તેમજ તેઓને પોતાનું સરનામું પણ યાદ નથી. તમામ વિગતો ધ્યાને લઈ મહિલાને "સખી' વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય આપવામાં આવેલ અને સેન્ટરના કર્મચારીઓ દ્વારા આ મહિલાને યોગ્ય હુંફ અને શાંત્વના આપવામાં આવી. ત્યારબાદ સેન્ટરના કર્મચારીઓએ મહિલાનું કાઉન્સેલિંગ કરતા જણાયું કે, બહેન ગભરાયેલ છે અને કોઈ યોગ્ય પ્રતિસાદ આપી શકતા નથી. આથી મહિલાનું કાઉન્સેલિંગ કરવામાં પણ કર્મચારીઓને ખૂબ મુશ્કેલી ઉભી થઈ. સખી વન સ્ટોપના કર્મચારી દ્વારા મહિલાને પૂરતો સહયોગ અને આશ્વાશન આપવામાં આવ્યું અને બીજા દિવસે ફરી સેન્ટરના કર્મચારી દ્વારા મહિલાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યુ ત્યારે મહિલાએ જણાવ્યું કે તેઓ મૂળ જામનગરના વતની છે. તેઓને સંતાનમાં બે પુત્રો છે.મોટા પુત્રનું નામ અમિતભાઈ તથા નાના પુત્રનું નામ અલ્કેશભાઈ છે અને બહેન તેમના મોટા પુત્ર સાથે પવનચક્કી વિસ્તારમાં રહે છે અને તેઓ તેઓ જ્ઞાતિએ સુથાર છે.સેન્ટર દ્વારા મહિલા પાસેથી મળેલ માહિતીના આધારે તેમના પરિવારજનોને શોધવાનો પ્રયત્ન શરૂ કરેલ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને બહેનના પરિવારને શોધવાનો પ્રયાસ કરેલ તથા સુથારસમાજના અગ્રણીઓને ફોન કરીને બહેન અંગે તપાસ કરેલ.

ત્રણ વર્ષમાં ૪૨૬ જરૂરિયાતમંદોને નવજીવન મળ્યા સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાનના સેવાયજ્ઞના ત્રણ વર્ષ પૂર્ણ

અમદાવાદ, દ્રઢ ઈચ્છાશક્તિ અને તેનાથી મળતી સફળતાનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ જોવું હોય તો અમદાવાદ સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના સેવાયજ્ઞથી પ્રેરણા લઈ શકાય. સરકારી હોસ્પિટલ અને તેની કામગીરી પ્રત્યે સામાન્ય વ્યક્તિઓ પર જે નકારાત્મક અમીટ છાપ હોય છે તેને દૂર કરીને આજે ફક્ત ગુજરાત જ નહી દેશના અન્ય રાજ્યો માટે પણ પ્રેરણારૂપ બન્યું છે અમદાવાદ સિવિલ હોસ્પિટલનું અંગદાનનું સેવાકાર્ય. વાત છે વર્ષ ૨૦૨૦ની જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીથી ઝઝુમી રહ્યું હતુ, બીજી લહેરની શરૂઆત થવાની હતી આ પરિસ્થિતીઓની વચ્ચે ૨૭ મી ડિસેમ્બર ૨૦૨૦ની વહેલી સવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થયું હતુ પ્રથમ અંગદાન. રાજ્ય સરકારના SOTTO(State Organ Tissue And Transplant Organisation) ના સહયોગ અને સિવિલ હોસ્પિટલના તજજ્ઞ તબીબોની ટીમના સહિયારા પ્રયાસોથી અંગદાનની શરૂઆત થઈ. ફેબ્રુઆરી અંત સુધીમાં લગભગ ૫ થી ૬ જેટલા અંગદાન થયા હતા પછી કોરોનાની બીજી લહેરની શરૂઆત થઈ. કોરોનાની આ બીજી લહેર વચ્ચે પણ અંગદાનનું સેવાકાર્ય અડિખમ રીતે ચાલતું જ રહ્યું આજે અંગદાનના આરંભને ત્રણ વર્ષ પૂર્ણ થયા છે. આ ત્રણ વર્ષમાં કુલ ૧૬૯ વ્યક્તિઓ બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યા. જેમાં ૧૩૯ બ્રેઇનડેડ વ્યક્તિઓના સ્વજનોએ અંગદાન માટે સંમતિ દર્શાવી (અત્રે નોંધનીય છે કે, અંગદાન એ ઈચ્છાશક્તિ થી થતુ દાન છે જે માટે ક્યારે કોઈ તબીબ કે વ્યક્તિ કે સરકાર દ્વારા ફરજ પાડવામાં આવતી નથી). ૧૩૯ બ્રેઇનડેડ અંગદાતાઓના અંગદાનમાં ૪૪૩ જેટલા અંગો મળ્યા જેને ૪૨૬ જેટલા જરૂરિયાતમંદ વ્યક્તિઓ કે જેમાં કોઇક હૃદય, કિડની, લીવર ના અંગોની તકલીફના કારણે લાંબા સમયથી પીડામાંથી પસાર થઇ રહ્યાં હતા.

નકલી ટોલ નાકા બાદ, અંકલેશ્વરના વેપારીની ભરૂચમાં પાર્ક કારનો ટોલ વાપીમાં કપાતા વધુ એક ટોલકાંડની આશંકા

અમદાવાદ, અંકલેશ્વરમાં રહેતા વેપારીની કાળા રંગની ક્રેટા કાર ભરૂચમાં હોય અને તેનો ટોલટેક્ષ વાપીના ભગવાડા ટોલ નાકે સફેદ રંગની અર્ટિગાનો કપાતા તેઓએ ટોલકાંડની આશંકા વ્યક્ત કરી છે.

અંકલેશ્વરના રહીશ હિમાંશુ રમેશભાઈ લીંબચ્યા પોતાની માલિકીની ક્રેટા કાર ધરાવે છે. જેનો નંબર જીજે ૧૬ ડીજી ૨૫૫૬ છે. તેઓ છેલ્લા એક અઠવાડિયાથી ભરૂચ જિલ્લો છોડીને બહાર ગયા નથી. પરંતુ ૨૫ ડિસેમ્બરે રાત્રે તેમની ગાડીના ફાસટેગ સાથે લિંક મોબાઈલ નંબર ઉપર ભગવાડા વાપી પરથી ૭૫ રૂપિયા ટોલના કપાયો હોવાનો મેસેજ મળ્યો હતો. આ મેસેજ જોઈને હિમાંશુભાઈ ચકિત થઈ ગયા હતા કે ગાડી ભરૂચમાં પાર્ક છે તો આ ટોલ વાપીમાં કઈ રીતે કપાયો. આ અંગે તેમણે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને વાપી ટોલ મેનેજરને જાણ કરી હતી. વાપી ટોલ મેનેજરે તેમને એક સફેદ કલરની અર્ટિગા વિડિયો મોકલયો હતો જેનાથી તેમનો ટોલ કપાયો હતો.

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

શાખા ઓફિસ : શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
શાખા ઓફિસ : ચોથો માળ, ૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલની સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) **સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બોંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ.

આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ (ICICI HFC) એ નીચે દર્શાવેલ મોર્ટગેજ મિલકતના વેચાણ માટે સર્વરેલ - હરાજી હાથ ધરી હતી જો કે આવી તમામ ઈ-એકયુશન નિષ્ફળ થયેલ છે, હવે રસ ધરાવનાર ખરીદદારે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ નો અધિકારી સાથે રીઝર્વ પ્રાઈસ પર ખરીદી કરવા માટે સંપર્ક કર્યો છે (કૃપા કરીને નીચે આપેલા કોષ્ટકનો સંદર્ભ લો) આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **સાંકેતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસ